**<u>મે.દેત્રોજના મહે. જ્યુડી.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ. દેત્રોજ, જી. અમદાવાદ</u>**

**ફો.કે.નંબર – ૭૨/૨૦૨૬**

**આંક– ૯**

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી :–** ૧.પ્રવિણસિંહ કાળુભા ઉર્ફે ચંદુભા સોલંકી ૨.વિજયસિંહ પુનભા સોલંકી
બંને રહે.ભંકોડા, તા.દેત્રોજ, જી.અમદાવાદ

**<u>ગુન્હો :– ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫એએ, ૮૧ મુજબ.</u>**

**<u>–: ઠરાવ:–</u>**

(૧) આરોપીઓ સામેના ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી અર્થે હાલનુ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.જે સંબંધેની ઈન્સાફી કાર્યવાહી શરૂ થાય તે પહેલા આરોપીઓએ તેમની સામેનો ગુન્હો કબુલ કરતી પુરશીસ આ અદાલતમાં આપેલ છે. જેથી ત્યારબાદ આરોપીઓની પ્લી રેકર્ડ આવેલ છે. જેમા પણ આરોપીઓએ તેમની સામેના ગુન્હાની કબુલાત કરેલી છે. જેથી આરોપીઓને સમજાવવામાં આવેલ છે. કે ગુન્હો કબુલ કરવા તે બંધાયેલા નથી તેમ છતા તેમની કબુલાતને વળગી રહેલ છે. જેથી આરોપીઓ તરફે કરવામાં આવેલ કબુલાત ખરી કાયદેસરની અને સ્વૈચ્છીક હોવાની ખાતરી થતાં તે મંજુર કરવામાં આવેલ છે અને આરોપીઓ તેમની સામેના આક્ષેપિત મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) આ કામે આરોપીઓ સ્વૈચ્છીક રીતે ગુન્હો કબુલાત કરતા હોય તેમને તકસીરવાન ઠરાવ્યા સિવાય કોર્ટ પાસે કોઈ વિકલ્પ નથી. આ કામે આરોપીઓએ કાયદાની આંટીઘુંટીનો લાભ મેળવવાનો પ્રયત્ન કર્યા વગર સ્વૈચ્છીક રીતે ગુન્હો કબુલ કરેલ છે તે સંજોગોમા નામ.ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેન્ચે સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરલાલ હરખચંદજી ઠાકોર–૨૦૦૫ જી.એલ.આર.પાના નં.૭૦૯ થી નોંધાયેલ ચુકાદામાં ઠરાવેલ છે કે, જો આરોપીઓનો પ્રથમ ગુન્હો હોય અને હળવી સજા કરવા માટે પુરતા કારણો જણાઈ આવતા હોય તો, કોર્ટ કાયદામાં ઠરાવેલ લઘુતમ સજા કરતા પણ ઓછી સજા ફરમાવી શકે છે.

**<u>– :: હુકમ :: –</u>**

આ કામના આરોપીઓ ૧.પ્રવિણસિંહ કાળુભા ઉર્ફે ચંદુભા સોલંકી ૨.વિજયસિંહ પુનભા સોલંકી બંને રહે.ભંકોડા, તા.દેત્રોજ, જી.અમદાવાદનાઓને બી.એન.એસ.એસ.ની કલમ ૨૭૫ અન્વયે પ્રોહી કલમ ૬૫ એએ, ૮૧ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપી દીઠ રૂ. ૧૦૦/ મળી **કુલ રૂ. ૨૦૦/–**(અંકે રૂપિયા બસ્સો) પુરાનો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડની રકમ ના ભરે તો દિન–૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૪મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ–દેત્રોજ
તા.૧૪.૦૩.૨૦૨૬

(હર્ષ શાંતીભાઈ રાઠોડ)
જયુડી.મેજી.ફ.ક.,દેત્રોજ
કોડ નં.જી.જે.૦૧૭૭૪